JSW Colouron+ | ISC | durashine | TATA SHAKTEE
ALEVATE
PERFORMANCE AT ITS PEAK
Aluminium Roofing Sheets
- Aluminium - Colour Coated, Corrugated Roofing Sheets
- Galvanised Plain Sheet - MS - CRC sheets
- Asian - Apollo - Tata Square Pipe & Round Pipe
- 60 & 80 Micron GI HOTDIP Pipe For Solar Roof Top
- Poly Carbonate, PVC Sheets & Roofing Accessories

STEEL TRADING COMPANY
MUGATLAL GROUP
Near Krishna Pertrolpump, Udhna Main Road, Surat.
Mobile : 7575882332, 7575053830
E-mail: info@steeltrading.in Webside: www.steeltrading.in



# ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપનાઃ૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રીઃ મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા

વડોદરા



શું આપની ટાંકી ઉભરાય છે?
શું આપની ટાંકી ખાલી થઈ જાય છે?



ઓટોમેટીક સ્વીચ લગાવો જે મોટર ને ઓટોમેટીક ચાલુ બંધ કરે છે.

અમર ઈલેક્ટ્રોનીક કન્ટ્રોલ્સ
૫, દરીયા મહેલ એપાર્ટમેન્ટ, સુરત મહાનગર પાલિકા સામે, મુગલીસરા, સુરત.
ફોન : 2429322 મો. 9824059872



માલિકઃ ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાનઃ ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગઃ ૨૫૯૯૯૯૧, ફેક્સઃ ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગઃ ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષઃ ૧૬૩ * * * સંવત ૨૦૮૧ આસો વદ નોમ, બુધવાર ૧૫ ઓક્ટોબર, ૨૦૨૫ * * * દૈનિક : ૮૮ - અંક : ૨૯૧

પાનાં ૧૨+૧૬ કિંમત ₹ ૫.૦૦


# ગૂગલ ભારતમાં એઆઈ હબ સ્થાપશે

**૧૫** અબજ ડોલરનું રોકાણ કરશે

**આંધ્રપ્રદેશમાં** આ એઆઇ હબ બનાવાશે, અદાણી ગ્રુપ સાથે ભાગીદારીમાં ડેટા સેન્ટર ઉભું કરાશે

**આ** પ્રોજેક્ટથી ૬૦૦૦ જેટલી સીધી નોકરીઓ અને કુલ ૩૦૦૦૦ નોકરીઓનું સર્જન થશે

નવી દિલ્હી, તા. ૧૪(પીટીઆઈ): ભારતમાં તેના અત્યાર સુધીના સૌથી મોટા રોકાણમાં, ટેક જાયન્ટ ગૂગલે મંગળવારે જણાવ્યું હતું કે તે આંધ્રપ્રદેશમાં એઆઈ ઈન્ફ્રાસ્ટ્રક્ચર હબ બનાવવા માટે ૧૫ અબજ ડોલરનું રોકાણ કરશે, જેમાં અદાણી ગ્રુપ સાથે ભાગીદારીમાં એક ગીગાવોટ-સ્કેલ ડેટા સેન્ટરનો સમાવેશ થશે.

આ પ્રોજેક્ટથી આંધ્રપ્રદેશમાં ૫,૦૦૦-૬,૦૦૦ સીધી નોકરીઓ અને કુલ ૨૦,૦૦૦-૩૦,૦૦૦ રોજગારીઓનું સર્જન થવાની અપેક્ષા છે. આ ૧૫ અબજ ડોલરનું રોકાણ આગામી પાંચ વર્ષ (૨૦૨૬-૨૦૩૦) દરમિયાન કરવામાં આવશે. આ અમેરિકાની બહાર દુનિયામાં અમે જેમાં રોકાણ કરીએ છીએ તેવું સૌથી મોટું AI હબ હશે એ મુજબ ગૂગલ ક્લાઉડના સીઈઓ થોમસ કુરિયને ઔપચારિક કરાર પર હસ્તાક્ષર કરવા માટેના અહીંના એક કાર્યક્રમમાં જણાવ્યું હતું. દેશમાં ઝડપથી વધી રહેલા AIની તેજી વચ્ચે ભારતમાં રોકાણ વધારી રહેલા અમેરિકી ટેક જાયન્ટ્સની યાદીમાં ગૂગલ જોડાયું છે. Amazon.com Inc એ ૨૦૩૦ સુધીમાં ક્લાઉડ ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં ૧૨.૭ બિલિયન ડોલરનું રોકાણ કરવાની યોજના જાહેર કરી છે, જ્યારે ChatGPTના નિર્માતા OpenAI આ ક્ષેત્રમાં ૧ ગીગાવોટનું ડેટા સેન્ટર સ્થાપિત કરવાની તૈયારી કરી રહ્યા છે. માઈક્રોસોફ્ટ ભારતમાં તેના ડેટા સેન્ટર ફૂટપ્રિન્ટનો વિસ્તાર પણ કરી રહ્યું છે, જે લગભગ એક અબજ ઈન્ટરનેટ વપરાશકર્તાઓ સાથે એક મહત્વનું વિકસતું બજાર છે. અબજોપતિ ગૌતમ અદાણી અને મુકેશ અંબાણીએ પણ દેશમાં ડેટા સેન્ટર ક્ષમતા વધારવા માટે નોંધપાત્ર રોકાણોની જાહેરાત કરી છે. વિશ્લેષકો ૨૦૨૭ સુધીમાં ભારતનું ડેટા સેન્ટર બજાર ૧૦૦ બિલિયન ડોલરને વટાવી જવાનો અંદાજ લગાવે છે.

AI ની ઝડપી પ્રગતિ, જે વિશાળ કમ્પ્યુટિંગ શક્તિની માંગ કરે છે, તે ઉચ્ચ-પ્રદર્શન ડેટા સેન્ટર્સની જરૂરિયાતને વેગ આપી રહી છે જે હજારો ચિપ્સને શક્તિશાળી કમ્પ્યુટિંગ ક્લસ્ટરોમાં જોડે છે. આ જાહેરાત પર ટિપ્પણી કરતા, વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ X પર એક પોસ્ટમાં કહ્યું કે આ રોકાણ વિકસિત ભારત બનાવવાના અમારા વિઝન સાથે સુસંગત છે. તે ટેકનોલોજીના લોકશાહીકરણમાં એક શક્તિશાળી બળ હશે. તે બધા માટે AI પણ સુનિશ્ચિત કરશે, આપણા નાગરિકોને અત્યાધુનિક સાધનો પહોંચાડશે, આપણી ડિજિટલ અર્થવ્યવસ્થાને વેગ આપશે અને વૈશ્વિક ટેકનોલોજી લીડર તરીકે ભારતનું સ્થાન સુરક્ષિત કરશે! તેમણે આ ટિપ્પણી વિશાખાપટ્ટનમમાં પ્રથમ આલ્ફાબેટના CEO સુંદર પિચાઈની પોસ્ટના જવાબમાં કરી હતી.



### અમેરિકાની બહાર ગૂગલનું સૌથી મોટું એઆઇ હબ

વિશાખાપટ્ટનમ ખાતેનું AI હબ અમેરિકાની બહાર ગુગલનું સૌથી મોટું હબ હશે અને તેમાં સ્વચ્છ ઉર્જા અને ફાઇબર-ઓપ્ટિક નેટવર્ક દ્વારા સંચાલિત ડેટા સેન્ટરનો સમાવેશ થશે. બિઝનેસ ટાયકૂન ગૌતમ અદાણીએ જણાવ્યું હતું કે તેમની કંપની અદાણીકોનેક્સ આ પ્રોજેક્ટમાં ગુગલ સાથે ભાગીદારી કરશે. ભારતના બીજા ક્રમના સૌથી મોટા મોબાઇલ ઓપરેટર ભારતી એરટેલની પણ તેમાં ભાગીદારી હશે.

### બુલેટ ટ્રેન પ્રોજેક્ટના કુલ ખર્ચથી થોડું જ ઓછું રોકાણ

આ આયોજિત રોકાણ રૂ. ૧.૦૮ લાખ કરોડ( ૧૭ અબજ ડોલર) ના મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન પ્રોજેક્ટ કરતાં થોડુંક જ ઓછું છે, અને દેશના સૌથી નવા નવી મુંબઈ એરપોર્ટના ૨.૧ અબજ ડોલરના ખર્ચ કરતાં ઘણું વધારે છે. તે વિપ્રોના સ્થાપક અઝીમ પ્રેમજીની નેટવર્થ કરતાં પણ વધુ છે. ડેટા સેન્ટરની ક્ષમતા સામાન્ય રીતે તે કેટલી વીજળી વાપરે છે તેના દ્વારા માપવામાં આવે છે. વિશાખાપટ્ટનમમાં આયોજિત ડેટા સેન્ટર ૧ GW (પૂર્ણ ક્ષમતાના સંચાલન પર ૧૦૦૦ મેગાવોટ વીજળીનો વપરાશ) સુવિધા મુંબઈના વાર્ષિક વપરાશના લગભગ ૫૦ ટકા જેટલી વીજળીનો ઉપયોગ કરે તેવી અપેક્ષા છે. આ સુવિધા અદાણી દ્વારા પૂરી પાડવામાં આવતી નવીનીકરણીય ઊર્જા દ્વારા સંચાલિત થવાની સંભાવના છે.

## ટાઇમ મેગેઝીનના કવર પર છપાયેલો પોતાનો ફોટો ટ્રમ્પને ગમ્યો નહીં

**તેમણે** મારા વાળ ગાયબ કરી નાખ્યા!

ન્યૂયોર્ક, તા. ૧૪: વિશ્વ પ્રસિદ્ધ ટાઇમ મેગેઝીને તેના હાલના અંકમાં અમેરિકી પ્રમુખ ટ્રમ્પની કવર સ્ટોરી બનાવી છે અને તેમની ગાઝા શાંતિ યોજનાની ઘણી પ્રશંસા કરી છે. પણ મેગેઝીનના કવરપેજ પર છપાયેલો પોતાનો ફોટો ટ્રમ્પને ગમ્યો નથી અને તેને તેમણે સુપર બેડ પિક્ચર ગણાવ્યું છે.

આ ફોટો જોઇને ટ્રમ્પે કહ્યુ કે તેમણે મારા વાળ ગાયબ કરી નાખ્યા! દેખીતી રીતે આ ફોટો નીચેથી લેવામાં આવ્યો છે અને ટ્રમ્પને જેનું ખૂબ ગૌરવ છે તેવા તેમના સોનેરી અને વિશિષ્ટ રીતે ઓળેલા વાળ તેમાં દેખાતા નથી. ટ્રમ્પે કહ્યું કે કવર પરનો ફોટો બધા સમયનો સૌથી ખરાબ ફોટો છે. "તેઓએ મારા વાળ 'ગાયબ' કરી દીધા, અને પછી

...અનુસંધાન પાના 11 પર



© Time

## દિલ્હી ડાયરી



### 'એક પેડ મા કે નામ' અભિયાન અંતર્ગત વૃક્ષારોપણ

ગયા અઠવાડિયે દિલ્હીમાં યોજાયેલા 'એક પેડ મા કે નામ' અભિયાન પર કેન્દ્રીય પર્યાવરણ મંત્રાલય અને દિલ્હી સરકારના સંયુક્ત કાર્યક્રમમાં વિવિધ દેશોના રાજદ્વારીઓએ પણ ભાગ લીધો હતો.

આ પ્રસંગે વિશ્વના ઓછામાં ઓછા ૭૦ દેશોના રાજદ્વારીઓ હાજર રહ્યા હતા અને તેઓએ ૧૫ જેટલી સ્થાનિક પ્રજાતિઓના છોડ વાવ્યા હતા. આ પ્રજાતિઓમાં પીપલ, દેશી બાબુલ, હિંગોટ, ઢાક, ધૌ અને બર્નાનો સમાવેશ થતો હતો.

વૃક્ષારોપણ કાર્યક્રમ સેન્ટ્રલ રિજ વિસ્તારમાં પીબીજી પોલો ગ્રાઉન્ડ ખાતે યોજાયો હતો, જે દિલ્હીની સત્તાની મધ્યસ્થ બેઠક લુટિયન્સ દિલ્હીથી દૂર, દિલ્હી યુનિવર્સિટીના ઉત્તર કેમ્પસને અડીને આવેલા સિવિલ લાઇન્સ વિસ્તારમાં યોજાયો હતો.

સુપ્રીમ કોર્ટે તાજેતરમાં આદેશ આપ્યો છે કે, રિજ વિસ્તારમાં વનીકરણમાં સ્થાનિક પ્રજાતિઓના ઉપયોગને પ્રાથમિકતા આપવી જોઈએ. આ સંદર્ભમાં જ સ્થાનિક પ્રજાતિઓના છોડ પર ધ્યાન કેન્દ્રિત કરીને વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું.

વૃક્ષારોપણ ઝુંબેશ સ્વાગત યોગ્ય છે. કારણ કે, આ છોડને ખાસ કરીને દિલ્હી જેવા અત્યંત પ્રદૂષિત શહેરમાં જ્યાં વાયુ પ્રદૂષણ આરોગ્ય માટે ગંભીર ખતરો છે, ત્યાં હરિયાળી વિસ્તાર બનાવવામાં મદદ કરે છે. જોકે, છોડના રક્ષણ અને માવજત માટેની યોજનાઓ ન હોય ત્યાં સુધી આ ઝુંબેશનો કોઈ ફાયદો નથી. મોટા ભાગના

...અનુસંધાન પાના 11 પર

## સોનું રૂ. ૨૮૫૦ વધીને રૂ. ૧,૩૦,૮૦૦ની નવી ટોચે

**ચાંદીમાં** સતત પાંચમા દિવસે વધારો, ૬૦૦૦ રૂ. વધીને કિલોએ ૧૮૫૦૦૦ રૂપિયા થઇ

**વૈશ્વિક** બજારમાં સોનાએ ૪૧૦૦ ડોલર પ્રતિ ઔંસની સપાટી વટાવી



નવી દિલ્હી, તા. ૧૪(પીટીઆઈ) મંગળવારે રાષ્ટ્રીય રાજધાનીમાં સોનાના ભાવ ૨,૮૫૦ રૂપિયા વધીને ૧,૩૦,૮૦૦ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામના સર્વકાલીન ઉચ્ચતમ સ્તર પર પહોંચી ગયા હતા, જેનું મુખ્ય કારણ 'ધનતેરસ' પહેલા છૂટક વેપારીઓ અને ઝવેરીઓ દ્વારા ભારે ખરીદી હતી.

ઓલ ઈન્ડિયા સરાફા એસોસિએશનના જણાવ્યા અનુસાર, ૯૯.૯ ટકા શુદ્ધતા ધરાવતી કિંમતી ધાતુ સોમવારે ૧,૨૭,૯૫૦ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામ પર બંધ થઈ હતી. ૯૯.૫ ટકા શુદ્ધતા ધરાવતી સોનાની કિંમત પણ ૨,૮૫૦ રૂપિયા વધીને ૧,૩૦,૨૦૦ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામ (બધા કર સહિત) પર પહોંચી ગઈ હતી, જેનો અગાઉના બંધ રૂ. ૧,૨૭,૩૫૦ પ્રતિ ૧૦ ગ્રામ હતો. આ વર્ષે અત્યાર સુધીમાં સોનાના ભાવમાં 31 ડિસેમ્બર, 2024 ના રોજ પ્રતિ 10 ગ્રામ 78,950 રૂપિયા હતા ત્યાંથી 51,850 રૂપિયા અથવા 65.67 ટકાનો વધારો થયો છે. ચાંદી પણ 6,000 રૂપિયા વધીને 1,85,000 રૂપિયા પ્રતિ કિલોગ્રામ (બધા કર સહિત) ની સર્વકાલીન ઉચ્ચતમ સપાટીએ પહોંચી ગઈ, જે સતત પાંચમા દિવસે વધારો દર્શાવે છે. સફેદ ધાતુ પાછલા બજાર સત્રમાં 1,79,000 રૂપિયા પ્રતિ કિલોગ્રામ પર સ્થિર થઈ હતી.

વેપારીઓએ તહેવારો અને લગ્નની મોસમ પહેલા ઝવેરીઓ અને છૂટક વેપારીઓની સતત માંગને કારણે સોના-ચાંદીના ભાવમાં તીવ્ર વધારો થવાનું કારણ આપ્યું હતું, ઉપરાંત ગગડતો રૂપિયો પણ એક કારણ છે, મંગળવારે રૂપિયો 12 પૈસા ઘટીને 88.80 ના તેના સર્વકાલીન નીચલા સ્તર પર પાછો ફર્યો હતો. ચાંદીના ભાવમાં ચાલુ વર્ષમાં 95,300 રૂપિયા અથવા 106.24 ટકાનો વધારો થયો છે, જે 31 ડિસેમ્બર, 2024 ના રોજ 89,700 રૂપિયા પ્રતિ કિલોગ્રામ હતો. આંતરરાષ્ટ્રીય બજારમાં, હાજર સોનાનો ભાવ રેકોર્ડ ઊંચાઈથી પાછો ફર્યો પરંતુ તે ઊંચો રહ્યો હતો, દિવસની શરૂઆતમાં 4,179.71 ડોલર પ્રતિ ઔંસના સર્વકાલીન ઉચ્ચતમ સ્તરને સ્પર્શ્યા પછી, 0.72 ટકા ઉંચો 4,140.34 ડોલર પ્રતિ ઔંસ પર ટ્રેડ થઈ રહ્યો હતો.

## ઓપરેશન સિંદૂર 2.0 વધુ ઘાતક હશેઃ પશ્ચિમી સૈન્ય કમાન્ડર

**પાકિસ્તાન** પાસે આપણી સાથે યુદ્ધ લડવાની ક્ષમતા નથી, તેઓ યુદ્ધ લડવા માગતા નથી

**તે** હજાર ઘા દ્વારા ભારતનું લોહી વહેવડાવવાની નીતિ મુજબ કૃત્યો કરે છે




જમ્મુ, તા. 14 (પીટીઆઈ): પાકિસ્તાન પાસે ભારત સામે લડવાની ક્ષમતા નથી, પણ તે ફરીથી પહલગામ જેવા હુમલાઓનો પ્રયાસ કરી શકે છે, એમ ભારપૂર્વક કહેતા, પશ્ચિમી સૈન્યના કમાન્ડર લેફ્ટનન્ટ જનરલ મનોજ કુમાર કટિયારે મંગળવારે કહ્યું હતું કે ઓપરેશન સિંદૂર 2.0 વધુ ઘાતક હશે.

તેમણે કહ્યું કે 'હજાર ઘા દ્વારા ભારતનું લોહી વહેવડાવવાની પાકિસ્તાનની નીતિ ચાલુ છે અને કહ્યું કે સેના તેનો સામનો કરવા માટે પૂરી રીતે તૈયાર છે.

'આ વખતે આપણે જે કાર્યવાહી કરીશું તે ભૂતકાળ કરતાં વધુ ઘાતક હશે. તે વધુ શક્તિશાળી હશે. તે (ઓપરેશન સિંદૂર 2.0) વધુ ઘાતક હોવું જોઈએ. તેમાં કોઈ શંકા નથી', એમ લેફ્ટનન્ટ જનરલ કટિયારે પત્રકારોને કહ્યું હતું.

તેઓ પ્રશ્નનો જવાબ આપી રહ્યા હતા કે શું ઓપરેશન સિંદૂર 2.0 પહેલા કરતા વધુ ઘાતક હશે.

ભવિષ્યમાં પાકિસ્તાન દ્વારા પહેલગામ જેવા હુમલા થશે કે કેમ તે અંગે પૂછવામાં આવતા તેમણે કહ્યું કે જ્યાં સુધી પાકિસ્તાનની વિચારસરણીમાં ફેરફાર નહીં થાય ત્યાં સુધી તે આવા કૃત્યો કરતું રહેશે.

'તેની પાસે આપણી સાથે યુદ્ધ લડવાની ક્ષમતા નથી. તેઓ યુદ્ધ લડવા માગતા નથી. તે હજાર ઘા દ્વારા ભારતનું લોહી વહેવડાવવાની નીતિ મુજબ કૃત્યો કરે છે.' પશ્ચિમી સૈન્ય કમાન્ડરે કહ્યું કે ભારતે ઓપરેશન સિંદુરમાં પાકિસ્તાનને ભારે નુકસાન પહોંચાડ્યું હતું. અમે તેની ચોકીઓ અને હવાઈ મથકોનો નાશ કર્યો હતો, પણ તે ફરીથી કંઈક (પહલગામ જેવા હુમલા) કરવાનો

...અનુસંધાન પાના 11 પર

## ભારતીય પોસ્ટ આજથી અમેરિકામાં આંતરરાષ્ટ્રીય ટપાલ સેવાઓ ફરી શરૂ કરશે

**પોસ્ટલ** શિપમેન્ટ પર કસ્ટમ ડ્યુટી જાહેર કરાયેલ કન્સાઇનમેન્ટ મૂલ્યના 50 ટકાના ફ્લેટ દરે લાગુ પડે છે

પોસ્ટલ ટેરિફ યથાવત રહેશે

નવી દિલ્હી, તા. 14 (પીટીઆઈ): ભારતીય પોસ્ટ 15 ઓક્ટોબરથી અમેરિકામાં તમામ વર્ગોની આંતરરાષ્ટ્રીય ટપાલ સેવાઓ ફરી શરૂ કરશે, એમ મંગળવારે જારી કરાયેલા એક સત્તાવાર નિવેદનમાં જણાવાયું હતું.

ટપાલ વિભાગે જણાવ્યું હતું કે, યુએસ કસ્ટમ્સ એન્ડ બોર્ડર પ્રોટેક્શન (સીબીપી) માર્ગદર્શિકા અનુસાર, નવા ટેરિફ નિયમ હેઠળ ભારતથી અમેરિકામાં પોસ્ટલ શિપમેન્ટ પર કસ્ટમ ડ્યુટી જાહેર કરાયેલ કન્સાઈનમેન્ટ મૂલ્યના 50 ટકાના ફ્લેટ દરે લાગુ પડે છે.

'ટપાલ વિભાગ 15 ઓક્ટોબર 2025થી અમેરિકામાં (યુએસએ) તમામ વર્ગોની આંતરરાષ્ટ્રીય ટપાલ સેવાઓ ફરી શરૂ કરવાની જાહેરાત કરતા ખુશીનો અનુભવ કરે છે', એમ એક સત્તાવાર નિવેદનમાં જણાવાયું હતું.

અમેરિકી વહીવટીતંત્ર દ્વારા જારી કરાયેલા એક્ઝિક્યુટિવ ઓર્ડર 14324ને અનુસરીને, 22 ઓગસ્ટના રોજ એક ઓફિસ મેમોરેન્ડમ દ્વારા યુએસને ટપાલ સેવાઓ સ્થગિત કરવામાં આવી હતી.

આયાત શુલ્કના સંગ્રહ અને રેમિટન્સ માટે યુએસ કસ્ટમ્સ એન્ડ બોર્ડર પ્રોટેક્શન (સીબીપી) દ્વારા રજૂ કરાયેલી નવી નિયમનકારી આવશ્યકતાઓને કારણે આ સ્થગિત કરવું જરૂરી બન્યું હતું', એમ ભારતીય ટપાલે જણાવ્યું હતું.

અન્ય કુરિયર અથવા વાણિજ્યિક કન્સાઈનમેન્ટથી વિપરીત, પોસ્ટલ વસ્તુઓ પર કોઈ વધારાની બેઝ અથવા પ્રોડક્ટ-વિશિષ્ટ ડ્યુટી લાદવામાં આવતી નથી, એમ તેણે ઉમેર્યું.

'આ અનુકૂળ ડ્યુટી માળખું નિકાસકારો માટે એકંદર ખર્ચના બોજને નોંધપાત્ર રીતે ઘટાડે છે, જે પોસ્ટલ ચેનલને એમએસએમઈ, કારીગરો, નાના વેપારીઓ અને ઈ-કોમર્સ નિકાસકારો માટે વધુ સસ્તું અને સ્પર્ધાત્મક લોજિસ્ટિક્સ વિકલ્પ બનાવે છે', એમ નિવેદનમાં જણાવાયું છે.

ટપાલ ખાતાએ જણાવ્યું હતું કે તે ડીડીપી (ડિલિવર્ડ ડ્યુટી પેઈડ) અને લાયક પાર્ટી સેવાઓની સુવિધા માટે ગ્રાહકો પર કોઈપણ વધારાના શુલ્ક વસૂલશે નહીં.

...અનુસંધાન પાના 11 પર

તા.૧૪-૧૦-૨૦૨૫નુંવડોદરાશહેરનું

### હવામાન

| મહત્તમ | લઘુત્તમ | ભેજ |
| --- | --- | --- |
| ૩૪.૦° સે. | ૨૦.૨° સે. | ૭૧% |

આઇપીએસ પુરણ કુમાર આપઘાત કેસમાં નવો વળાંક

## એએસઆઇનો આપઘાતઃ સ્યુસાઇડ નોટમાં કુમાર પર આક્ષેપો

**એએસઆઇ** સંદીપ કુમારે આપઘાત કરતા પહેલા બનાવેલા વીડિયો અને આપઘાત નોંધમાં પુરણ કુમાર પર ભ્રષ્ટાચારનો આક્ષેપ કર્યો

**જો કે** વીડિયો અને સ્યુસાઇડ નોટની સત્યતા હજી સાબિત થઇ નથી






ચંદીગઢ, તા. ૧૪(પીટીઆઇ): મંગળવારે રોહતકમાં હરિયાણાના એક આસિસ્ટન્ટ સબ-ઇન્સ્પેક્ટરે પોતાને ગોળી મારીને આત્મહત્યા કરી લીધી અને સ્વર્ગસ્થ ઇન્સ્પેક્ટર જનરલ વાય પૂરણ કુમાર પર ભ્રષ્ટાચારના આરોપો લગાવ્યા, જેનાથી તે જ જિલ્લામાં ફરજ બજાવતા વરિષ્ઠ દલિત અધિકારીની શંકાસ્પદ આત્મહત્યામાં એક વિચિત્ર વળાંક આવ્યો છે.

પૂરણ કુમારના મૃત્યુ અંગે વધતા વિવાદની પૃષ્ઠભૂમિમાં ASI સંદીપ કુમારની કથિત આત્મહત્યા આવી છે. પુરણ કુમારની આત્મહત્યાને કારણે કેટલાક ઉચ્ચ પોલીસ અધિકારીઓને સસ્પેન્ડ કરાયા છે અને તે એક મોટો રાજકીય મુદ્દો પણ બની ગયો છે. હરિયાણામાં પોલીસકર્મીની બીજી આત્મહત્યાએ ડહોળાયેલા પાણીને વધુ ડહોળુ બનાવ્યું છે અને રહસ્ય વધુ ગહન બન્યું છે. સંદીપ કુમારનું આઘાતજનક મૃત્યુ સોમવારે મોડી રાત્રે રાજ્ય સરકારે રાજ્યના ડીજીપી શત્રુજીત કપૂરને રજા પર મોકલ્યાના કલાકો પછી થયું. તે પહેલાં, સરકારે રોહતકના ભૂતપૂર્વ પોલીસ અધિક્ષક નરેન્દ્ર બિજરનિયાની બદલી કરી હતી. આ બંને અધિકારીઓનો સમાવેશ પૂરણ કુમારની આપઘાત નોંધમાં થતો હતો. સંદીપ કુમાર, જે

...અનુસંધાન પાના 11 પર